**સાતમા પગાર પંચના પગારને ધ્યાને રાખીને રજા પ્રવાસ રાહત (LTC)સમયે મળવાપાત્ર રજાનું રોકડમાં રૂપાંતર ચૂકવવા બાબત.**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
**ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૯/ /પગાર એકમ (ચ)**
સચિવાલય, ગાંધીનગર
**તા. ૨૯/૦૨/૨૦૨૪**

**વંચાણે લીધા :**

(1) G.R.: Finance Department No-PGR-1009-16-Pay Cell (M), Dated 15/01/2010.
(2) G.R.: Finance Department No-PGR-1009-69- Pay Cell (P), Dated 02/02/2012.
(3) Gujarat Civil Service (leave) Rules, 2002.
(4) નાણા વિભાગનો તા.૨૮/૮/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:-મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯-ચ.
(5) નાણા વિભાગનો તા.૧૬/૮/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:-પગર-૧૦૨૦૧૬/૧/પગાર એકમ.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમાંક: (૫) ના ઠરાવથી રાજ્ય સરકાર તેમજ પંચાયતના કર્મચારીઓને સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૧/૨૦૧૬ થી સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. જેની જોગવાઇ મુજબ મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય તમામ ભથ્થાઓ છઠ્ઠા પગાર પંચના પગારને ધ્યાને રાખીને તેમજ તે સમયે અમલી દર મુજબ જ ચૂકવાનું સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ હતું. રાજ્ય સરકાર દ્વારા નાણા વિભાગના તા.૨૪/૯/૨૦૨૨ ના અલગ અલગ ઠરાવથી, પરિવહન ભથ્થું, ઘર ભાડા ભથ્થું, તબીબી ભથ્થું, સ્થાનિક વળતર ભથ્થું વગેરેના દર સુધારી સાતમા પગાર પંચ મુજબ મંજૂર કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા રજા પ્રવાસ રાહત (LTC) સમયે મળવાપાત્ર ૧૦ દિવસની રજાનું રોકડમાં રૂપાંતર સાતમા પગાર પંચના પગાર મુજબ ચૂકવવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણા બાદ હાલમાં અમલમાં રહેલ રજા પ્રવાસ રાહત સમયે મળવાપાત્ર રજાનું રોકડમાં રૂપાંતર કરવાની અન્ય લાગુ પડતી જોગવાઇઓ યથાવત રાખીને તેની ગણતરીના હેતુ માટે સાતમા પગાર પંચના લાગુ પડતા પે મેટ્રીક્સ હેઠળ મળતા મૂળ પગાર ઉપરાંત વખતોવખતના મોંઘવારી ભથ્થાના દર ધ્યાને રાખીને ચૂકવણી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૨) આ ઠરાવના અમલ સંદર્ભે “મૂળ પગાર” એટલે ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ માં વ્યાખ્યા કર્યા મુજબનો પગાર ગણવાનો રહેશે.

(૩) રજા પ્રવાસના હેતુસર રજાના રોકડમાં રૂપાંતરની મંજૂરી સંદર્ભેની અન્ય લાગુ પડતી ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક:- (૪) તથા નાણા વિભાગના વખતોવખતના ઠરાવની જોગવાઇઓ તથા ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ માં દર્શાવેલ અન્ય જોગવાઇઓ લાગુ પડશે.

(૪) આ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખે તથા ત્યાર બાદ રજા પ્રવાસનો લાભ લેવા અરજી કરેલ હોય એ કેસોમાં સદરહુ ઠરાવ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.ડી.ચૌધરી)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઈ. ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
પેન્શન ચુકવણા અધિકારી, અમદાવાદ
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
બોર્ડ/નિગમ/રાજ્ય સરકારના જાહેર સાહસો.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
પસંદગી ફાઈલ, પગાર એકમ, મ, ચ, પી, અ અને ઝ- શાખાઓ, નાણા વિભાગ
આઈટી કોર્ડીનેટર-નાણા વિભાગ- આ ઠરાવ નાણા વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.

-----------------------------

* પત્ર દ્વારા